

સુવિચાર
ખુશી ત્યારે જ મળશે કે જ્યારે આપ જે વિચારો છો, જે કહો છો અને જે કરો છો તેમાં સાતત્ય હોય...

દિવ્ય ભાસ્કર

આપ વાંચી રહ્યા છો દેશનું સૌથી વિશ્વસનીય અને સૌથી ઝડપી વિકસતું અખબાર

કુલ પાનાં 22 + 8 (બાળ ભાસ્કર) = 30 ગુજરાત કિંમત ₹ 4.00, વર્ષ 14, અંક 318, મહાનગર

divyabhaskar.com | રાજકોટ, શનિવાર, 5 જાન્યુઆરી, 2019 | માગશર વદ અમાસ વિક્રમ સંવત 2075 | 12 રાજ્ય | 66 સંસ્કરણ

તાપમાન
રાજધાની ગાંધીનગર......29.2° 8.2°
રાજકોટ......32.4°
દિલ્હી......18.4°
મુંબઈ......33.9°

રાફેલ મુદ્દે આખો દિવસ ચર્ચા | પોણા ત્રણ કલાક બોલ્યાં સંરક્ષણ મંત્રી, પ્રથમ બે કલાકમાં કોંગ્રેસથી લઈ રાહુલની HALની યાત્રા સુધીનો ઉલ્લેખ

અમે ડિફેન્સ ડીલ કરીએ છીએ, કોંગ્રેસ તો ડિફેન્સમાં જ ડીલ કરે છે: નિર્મલા

મેડમ, એ તો કહો કે અનિલ અંબાણીને ડીલમાં કોણ લાવ્યું હતું: રાહુલ ગાંધી

ભાસ્કર ન્યૂઝ | નવી દિલ્હી

રાફેલ ડીલ પર શુક્રવારે પણ લોકસભામાં ચર્ચા ચાલુ રહેવા પામી હતી. સંરક્ષણ મંત્રી નિર્મલા સીતારમણે રાફેલ કરારનો બચાવ કરતા કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે કોંગ્રેસનું કામ આક્ષેપ કરવાનું છે. અમે ડિફેન્સનું ડીલ કરીએ છીએ જ્યારે ડિફેન્સમાં ડીલ કરે છે. નિર્મલાએ સતત 2 કલાક સુધી વક્તવ્ય આપ્યું હતું. ત્યારબાદ રાહુલે ફરી સવાલ કર્યા તો નિર્મલાએ તેના 45 મિનિટ સુધી જવાબ આપ્યા હતા. તેમણે કહ્યું કે બોફર્સને કારણે કોંગ્રેસે સત્તા ગુમાવી હતી જ્યારે રાફેલ અમને ફરી સત્તા અપાવશે. રાહુલે વળતો હુમલામાં કહ્યું કે નિર્મલાએ બે કલાકમાં ઘણી બધી વાતો કરી પણ અનિલ અંબાણીનો ઉલ્લેખ સુધ્ધા કર્યો નથી. મેડમ એ તો જણાવો કે વડાપ્રધાન મોદી તેમના દોસ્ત અનિલ અંબાણીને આ સોદામાં

...અનુસંધાન પાના નં. 6

રાહુલ Vs નિર્મલા | રાહુલે મોદીને ઘેરવા માટે AA (અનિલ અંબાણી)નો ઉલ્લેખ કર્યો, નિર્મલાએ Q (ક્વાત્રોચિ), RV(રોબર્ટ વાડરા) કહી જવાબ આપ્યો

રાહુલ: તમે એ તો જણાવો કે આ ડીલમાં મોદી AAને કેવી રીતે લાવ્યા? તમે તમારા બે કલાકના ભાષણમાં AAનો ઉલ્લેખ પણ નથી કર્યો.
નિર્મલા: કોંગ્રેસનો ઈરાદો વિમાન ખરીદવાનો હતો જ નહીં. કોંગ્રેસના દરેક AA(અનિલ અંબાણી)નો જવાબ Q (ક્વાત્રોચિ) અને RV(રોબર્ટ વાડરા) છે.

રાહુલ: વડાપ્રધાન તો જવાબ આપતા નથી. બધી ડીલ ફાઈનલ કરે છે. મિત્રોના ખિસ્સામાં દેશના 30 હજાર કરોડ રૂપિયા નાખે છે. જવાબ મંત્રીઓને આપવો પડે છે.
નિર્મલા: મને કોઈ પરિવારને કારણે આ પોસ્ટ નથી મળી. હું સામાન્ય પરિવારની છું. પીએમ પણ ગરીબ પરિવારના છે. તેમણે અહીં પહોંચવા માટે અથાગ મહેનત કરી છે.

કરારમાં ઉતાવળ અંગે...

નિર્મલા: અમને પાક. અને ચીન તરફથી પડકારો મળી રહ્યા છે. અમે ડિફેન્સ ડીલ કરી રહ્યા છે. કોંગ્રેસ ડિફેન્સમાં ડીલિંગ કરતી હતી.
રાહુલ: એવું છે તો પછી રાફેલની સંખ્યા ઘટાડી 126માંથી 36 શા માટે કરાઈ? જો વિમાન સસ્તાંમાં મળતાં હતાં તો પછી 126 કેમ ન ખરીદયાં?

એચએએલ અંગે

નિર્મલા: રાહુલે HALના કર્મચારીઓને મળી મગરનાં આંસુ સાર્યા. પરંતુ કોંગ્રેસે એચએએલને મજબૂત કરવા માટે કશું જ કર્યું નથી?
રાહુલ: HAL અત્યાર સુધી બધાં વિમાન બનાવતી હતી. એવું તો શું થયું કે ડીલના 10 દિવસ પહેલાં બનેલી AAની કંપની સારી લાગી?

અંગત આરોપો અંગે...

નિર્મલા: રાહુલે મને જૂઠી કહી. પીએમ અંગે ખોટી વાતો કરી. તેમણે દેશની માફી માગવી જોઈએ. તેઓ સતત દેશને ગુમરાહ કરી રહ્યા છે.
રાહુલ (સંસદની બહાર): નિર્મલા ઈમોશનલ વાતો દ્વારા સવાલોથી બચવા માગે છે. જણાવો કે પર્રિકર પાસે જે ફાઈલો છે, તેમાં શું છે?

રાહુલે આક્ષેપ કર્યા બાદ સાથીદારને આંખ મારી...

આક્ષેપ કર્યા પછી રાહુલ જ્યારે બેઠા તો તેમણે તેમના એક સાથી સાંસદને આંખ મારી હતી. આ પહેલા જુલાઈ 2018માં મોદીને ભેટ્યા પછી રાહુલે આ રીતે જ આંખ મારતા વિવાદ થયો હતો.

શ્રીનગરમાં નવેસરથી હિમવર્ષા, કારગિલમાં માઇનસ 18.6 ડિગ્રી ઠંડી, દિલ્હીમાં ગાઢ ધુમ્મસ

જમ્મુ-કાશ્મીરના સમર કેપિટલ શ્રીનગર અને ગુલમર્ગ સહિત અનેક સ્થળે શુક્રવારે નવેસરથી હિમવર્ષા થઈ હતી. જ્યારે જમ્મુ-શ્રીનગર હાઈવે ફરી બંધ થઈ ગયો છે. રાજ્યમાં કારગિલમાં માઈનસ 18.6 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તેમજ લેહમાં માઈનસ 14.5 ડિગ્રી હતું. જ્યારે દિલ્હીમાં ગાઢ ધુમ્મસને કારણે 80થી વધુ ટ્રેન રદ કરાઈ હતી. આગામી 72 કલાક વરસાદની આગાહી છે.

અયોધ્યા વિવાદમાં ફરી મુદત

સુપ્રીમકોર્ટે 10 સેકન્ડમાં જ સુનાવણી 10મી સુધી ટાળી

ભાસ્કર ન્યૂઝ | નવી દિલ્હી

અયોધ્યા ભૂમિ વિવાદની સુનાવણી સુપ્રીમકોર્ટે શુક્રવારે ફરી 10 જાન્યુઆરી સુધી ટાળી દીધી. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ અને જસ્ટિસ એસ.કે. કૌલની બેન્ચે માત્ર 10 સેકન્ડ જ સુનાવણી કરી કોઈ પણ પક્ષને બોલવા ન દીધો. કોર્ટે કહ્યું કે 10 જાન્યુઆરીએ યોગ્ય બેન્ચ આ મામલે સુનાવણી કરશે. આગળની સુનાવણીની રૂપરેખા પણ એ બેન્ચ જ નક્કી કરશે. શુક્રવારે સુનાવણી દરમિયાન રામલલ્લા તરફથી

...અનુસંધાન પાના નં. 6

CJIએ એટલું પૂછ્યું: અયોધ્યા મામલો છે?

શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં જેવી સુનાવણી શરૂ થઈ કે ચીફ જસ્ટિસે સાલ્વે તરફ જોઈને પૂછ્યું- અયોધ્યા મામલો છે? સાલ્વેએ સંકેતમાં સંમતિ આપી. ત્યાર બાદ તુરત જ સીજેઆઈએ સુનાવણી 10 જાન્યુઆરી સુધી ટાળી કહ્યું કે આગામી સુનાવણી યોગ્ય બેન્ચ કરશે. એ પછી તેમણે બીજા કેસની સુનાવણી શરૂ કરી દીધી હતી.

સબરીમાલા સંગ્રામ : શ્રીલંકાથી આવેલી મહિલાએ દર્શન કર્યા, વિરોધ કરનારા 1369 લોકોની ધરપકડ
(વાંચો દેશ-વિદેશ પાને)

ધોરણ 6-7માં નાપાસ નહીં કરી શકાય, ગુજરાત સરકાર ધોરણ 3માં નાપાસ કરવા રજૂઆત કરશે

હવે ગુજરાતમાં ધો. 5 અને 8માં વિદ્યાર્થીને નાપાસ કરી શકાશે

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ યુપીએ સરકારે ધો. 1થી8માં પ્રાથમિક શિક્ષણમાં વિદ્યાર્થીઓને નાપાસ નહીં કરવાની જોગવાઈ કરી હતી પણ આ જોગવાઈને કારણે બાળકોનું શૈક્ષણિક સ્તર નબળું રહેતું હોવાની રજૂઆત ગુજરાત સરકારે વર્ષ 2014માં એન.ડી.એ. સરકારને કરી હતી. આથી હવે કેન્દ્ર સરકારે ધો. 5 અને ધો. 8માં વિદ્યાર્થીઓને પરીક્ષા લઈને નાપાસ કરી શકાશે તેવો નિર્ણય કર્યો છે. જેના પગલે ગુજરાત સરકારે જૂન-2019થી શરૂ થતા નવા શૈક્ષણિક સત્રથી

...અનુસંધાન પાના નં. 6

અત્યાર સુધી ધો. 1થી8માં શૂન્ય માર્ક હોય તો પણ પાસ કરાતા હતા

અત્યાર સુધી ગુજરાતમાં ધો. 1થી8માં પરીક્ષા લેવામાં આવતી હતી પણ વિદ્યાર્થી નબળો હોય અને તેને પરીક્ષામાં શૂન્ય કે પછી પાસ ન થઈ શકે તેવો માર્ક આવ્યા હોય તો પણ તેને નાપાસ કરાતો ન હતો. આથી તે આગળના ધોરણમાં જતો રહેતો પણ તેનું શૈક્ષણિક સ્તર નબળું રહેતું હતું. આથી ગુજરાત સરકારે કેન્દ્ર સરકારને નાપાસ કરવાની પદ્ધતિ દાખલ કરવાની રજૂઆત કરી હતી.

32 વર્ષથી ચાલતી ઓલ ઈન્ડિયા રેડિયોની ચેનલ બંધ, અમદાવાદ સહિત 5 ટ્રેનિંગ એકેડમી બંધ થશે

આ આકાશવાણી છે, આજથી અમારી રાષ્ટ્રીય ચેનલ બંધ

એજન્સી | નવી દિલ્હી

પ્રસાર ભારતીએ ઓલ ઈન્ડિયા રેડિયોની રાષ્ટ્રીય ચેનલ અને અમદાવાદ સહિત પાંચ શહેરોમાં પ્રાદેશિક તાલીમ એકેડમીને તાત્કાલિક અસરથી બંધ કરી દેવાનો નિર્ણય લેવાયો છે. ખર્ચામાં કાપ મૂકવા માટે આવું કરાયું છે. સાથે જ સેવાઓને વધુ તર્કસંગત બનાવાઈ શકે છે. સાંજે 6થી સવારે 6 વાગ્યા સુધી પ્રસારિત થતી રાષ્ટ્રીય ચેનલ 1987માં શરૂ થઈ હતી. રાષ્ટ્રીય મુદ્દાઓથી લોકોને પરિચિત કરાવવામાં આ ચેનલે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. રાતે ચાલતી આ ચેનલમાં હિન્દી, ઉર્દૂ અને અંગ્રેજી ભાષામાં અનેક પ્રકારના કાર્યક્રમો પ્રસારિત થતા હતા. તેનો આશય ફેક્ટરી મજૂરો, ખેડૂતો, સૈનિકો, ડ્રાઈવરો અને વિદ્યાર્થીઓ જેવા વિવિધ રસવાળા શ્રોતાઓ માટે કાર્યક્રમ પ્રસારિત કરવાનો હતો. તેમાં મુશાયરા સિવાય શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ સૌથી વધુ લોકપ્રિય રહ્યો. આ ચેનલના કાર્યક્રમોની પહોંચ 76 ટકા વસતી અને 64 ટકા વિસ્તાર સુધી હતી.

24 ડિસેમ્બર 2018ના આકાશવાણીના મહાનિદેશકને મોકલેલા એક પત્રમાં પ્રસાર ભારતીએ તેની માહિતી આપી હતી. રાષ્ટ્રીય ચેનલ બંધ કરવા ઉપરાંત અમદાવાદ, હૈદરાબાદ, લખનઉ,

...અનુસંધાન પાના નં. 6

દરેક સ્પર્ધામાં વહેલી શરૂઆત... એટલે જ વિજય
જનરલ બેચ
ગુજરાત સરકારની તમામ ભરતીઓ માટે
સ્પર્ધાત્મક પરીક્ષાના દરેક વિષયોનો ઊંડાણપૂર્વકનો પાયાની સમજથી અભ્યાસ | શરૂઆતથી છેક પરીક્ષાખંડ સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ
ગુજરાતી, અંગ્રેજી, ગણિત અને સામાન્યજ્ઞાનના 15 થી વધુ વિષયોની સરળ ફોર્મ્યુલા
સ્પર્ધાત્મક પરીક્ષાની નિષ્ણાંતો દ્વારા અભ્યાસ
પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી
ફ્રી ટ્રાયલ લેક્ચર Dt. 8-1-2019
ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી એડવાન્સ લેવલ મટીરિયલ્સ
ICE
9375701110
9328001110
સ્વા.મિ.મંદિર પાસે, કાલાવડ રોડ, રાજકોટ

છઠ્ઠી પુણ્યતિથિએ પુષ્પાંજલિ

ચંદ્રકાન્ત નાનાલાલ દોશી
(૨૮.૦૮.૧૯૫૩ – ૦૫.૦૧.૨૦૧૩)

ચંદ્ર તુ કા ચાલ્યો ગયો ? ઓ.....ચંદ્ર તુ કા ચાલ્યો ગયો ?
સોળે કળાએ ખીલ્યો તો તુ,
તને ક્યુ ગ્રહણ લાગી ગયુ ?......ચંદ્ર
પ્રેમ પરાગે પમરી રહ્યો તો,
પતઝડમાં ક્યા પરોવાઈ ગયો ?......ચંદ્ર
પૂર્ણપણે પ્રકાશી રહ્યો તો,
ત્યાં પળમાં પ્રભુને પ્યારો થઈ ગયો ?......ચંદ્ર
"રાજુ" નો આ રાજ વૈભવ છોડી
તુ કા "ઓલિયો" થઈ ગયો ?......ચંદ્ર
રાંકનુ 'રતન' થઈ ને,
અમને રાંક કરતો ગયો ?......ચંદ્ર
તારી આ 'ભાગ્યવાન' ને હડસેલી,
તુ કા 'મોર' થઈ ગયો ?......ચંદ્ર
ચંદ્ર તુ કા ચાલ્યો ગયો ? ઓ.....ચંદ્ર તુ કા ચાલ્યો ગયો ?

"ભાગ્યવાન"
દેવ્યાની ચંદ્રકાન્ત દોશી

કિશોર–નીતા રાજુ–રીટા જયુ–અનુપ શૈલી–હેમંત
ખુશ્બુ–શ્વેતાંગ કૃતિ–ચિંતન ઉત્સવ–કંકના કાન્તિ–મંજુલા
પલ્લવ–ચાંદની પ્રેરિત–જીનલ
કરિશ્મા–પુલકિત–ઉન્નતી–ઉત્કર્ષ–તન્મય–આયાંક–નાઈરા

દિવ્ય આત્માને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

RAJOO ESSEN SPECIALITY FILMS PVT. LTD. RAJOO bausano RAJOO ESSEN SPECIALITY DISPOSABLES LLP

ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપ. બેંક લિ.
ISO/IEC 27001 : 2013 certified મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક
ગોલ્ડન જ્યુબીલી ડિપોઝીટ સ્કીમ
ઉંચુ વળતર, સલામત રોકાણ.
આકર્ષક વ્યાજદર ૮.૦૦% અન્ય માટે
મુદત : ૭૭૭ દિવસ ૮.૨૫% સીનીયર/સુપર સીનીયર સીટીઝન માટે
ઓફર મર્યાદિત સમય માટેજ
વ્યાજની ચુકવણી : માસિક / ત્રિમાસિક
વ્યાજ કાલુપુર બેંક સાથેના સેવિંગ્સ / કરન્ટ એકાઉન્ટ ખાતામાંજ જમા કરવામાં આવશે.
વધુ માહિતી માટે નજીકની શાખાનો સંપર્ક કરો અથવા કોલ કરો
7378309191 (MISSED CALL)
1800 233 99999 (TOLL FREE)
હેડ ઓફિસ : "કાલુપુર બેંક ભવન", ઇન્કમટેક્ષ સર્કલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૧૪. ફોન નં.: ૨૭૫૮૨૦૨૦ થી ૨૭૫૮૨૦૨૬ • ફેક્સ : ૨૭૫૪૩૬૫૦, ૨૭૫૮૨૦૩૩
E-mail : info@kalupurbank.com
Website : www.kalupurbank.com

સંતૂર પ્યોરગ્લો, હવે ગ્લિસરીન સાથે આલ્મંડ ઓઈલનું પોષણ પણ!

SANTOOR PureGlo
Only ₹99
BUY 3 GET 1 FREE

3+1 ઑફર
ત્રણ સંતૂર પ્યોરગ્લો 75g સાથે એક 75g સંતૂર પ્યોરગ્લો ફ્રી!
*દર્શાવેલ ઉત્પાદનો ફક્ત પ્રતીકાત્મક છે. વાસ્તવિક ઉત્પાદનોમાં તફાવત હોઈ શકે. ત્રણ 75g સંતૂર પ્યોરગ્લો ખરીદો અને એક 75g સંતૂર પ્યોરગ્લો બેબિંગ બાર સદન ફ્રી મેળવો. ઓફર મર્યાદિત સમય માટે અને ચુનંદા શહેરોમાં સ્ટોક રહે ત્યાં સુધી માન્ય છે. ઓફર સિવાયના પેકસ પણ ઉપલબ્ધ છે.
SANTOOR PureGlo